ગાંધીનગર સમાચાર

તા. ૧૦-૨-૨૦૧૨, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

### અફઝલ ગુરૂને લટકાવી દેવાની પ્રશ્નો પતી જતા નથી

યુપીએ સરકાર સામે ૨૦૧૪ની ચૂંટણીનો મસમોટો પડકાર ડાચું ફાડીને ઊભો છે ત્યારે એક પછી એક સમસ્યાનો ઉકેલ આણવાની વ્યૂહ રચનાના ભાગ તરીકે વર્ષોથી લટકતો અફઝલ ગુરૂ નામનો કોયડો એણે કોઈને ગંધ પણ ન આવે એવી સિફતથી ઉકેલી નાખ્યો છે. મુંબઈ હુમલાના એક માત્ર જીવતા પકડાયેલા આતંકવાદી અબ્દુલ આમીર કસાબને પણ આ જ રીતે રાતોરાત યરવડા જેલમાં ખસેડી વહેલી સવારે ખુદાની રહેમતમાં પહોંચાડી દેવામાં આવ્યો હતો. કસાબ કરતાં પણ અફઝલ ગુરૂનો કેસ ઘણો પહેલાંનો છે. રાષ્ટ્રની સર્વોચ્ચ સંસ્થા સંસદ પર હુમલો કરવાના કાવતરામાં ગુરૂની સંડોવણી પુરવાર થઈ ચૂકી હતી અને સુપ્રીમ કોર્ટે એને 'રેરેસ્ટ ઑફ રેર' ગુનો ગણી ફાંસીના માંચડે લટકાવવાનો હુકમ કર્યા પછી પણ કોઈ અગમ્ય કારણોસર એને સજા કરવાનાં મુદ્દે વિલંબ થયા કરતો હતો. કાશ્મીર ખાણ સાથેનું અફઝલ ગુરૂનું કનેકશન કેન્દ્ર સરકાર માટે સૌથી મોટો માથાનો દુઃખાવો હતો. જમ્મુ અને કાશ્મીરનાં અલગતાવાદી તત્ત્વો અફઝલ ગુરૂની ફાંસીને આજીવન કેદમાં ફેરવી નાખવાની સતત પેરવી કરતાં રહ્યાં હોઈ કેન્દ્ર સરકાર ફૂંકી ફૂંકીને ડગ માંડી રહી હતી. છેલ્લામાં છેલ્લી દયાની અરજી રાષ્ટ્રપતિએ ફગાવી દીધા પછી સરકાર પાસે અફઝલ ગુરૂને રજા આપી દેવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો ન હતો. વળી મોંઘવારી, ભ્રષ્ટાચાર અને કુંભમેળામાં ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તથા વિશ્વ હિંદુ પરિષદનાં ધુરંધરો સાથેના સંતોના સાયુજ્યને જોતાં ભાજપનું જૂનું અને જાણીતું હિંદુત્વનું હથિયાર ફરીથી પાછું આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વવાળા યુપીએ ગઠબંધન સામે ઉગામાવાની પૂરી શક્યતા ઊભી થઈ હતી ત્યારે કેન્દ્ર સરકારે બરાબર સમયસર અફઝલ ગુરૂને ફાંસીએ લટકાવી દઈ કંઈક અંશે સંભવિત ચૂંટણી પ્રચારનું એક અમોઘ શસ્ત્ર ભાજપ પાસેથી ખૂંચવી લીધું છે. પરંતુ અફઝલ ગુરૂને ફાંસીએ લટકાવી દેવાની દેશની સમસ્યાઓ ઉકલી જવાની નથી. વંશવાદ, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને તુષ્ટીકરણ સહિતના મુદ્દાઓ હજી એમના એમ જ રહે છે. અલબત્ત, અફઝલ ગુરૂને ફાંસી આપીને ગૃહ ખાતાએ એવી ગણતરીપૂર્વકની કુનેહપૂર્ણ રાજનીતિનું નિદર્શન જરૂર કર્યું છે. મોડું મોડું પણ આ પગલું દેશની અસ્મિતા અને ગરિમાની દૃષ્ટિએ ખૂબ જ આવકારદાયક અને સૂચક બની રહેશે. ગણતરીપૂર્વકનું જોખમ ઉઠાવીને ખૂબ સાવચેતીપૂર્વક લીધેલ આ પગલાથી પાડોશી રાષ્ટ્ર અને જમ્મુ કાશ્મીરમાં જરૂર કેટલાંક પ્રતિકૂળ વમળો ઊઠશે, પરંતુ શાસન કર્તા પક્ષે એવું જોખમ કયારેક તો ખેડવું જ પડતું હોય છે. હવે 'અફઝલ ગુરૂને ફાંસી આપો'નાં સૂત્રો સાથે થતાં જાહેર પ્રદર્શનોને અવકાશ નહીં રહે અને કુંભ મેળાના સંત સંમેલનના હિંદુત્વ એજન્ડાની અસર પણ ધાર્યા જેટલી ધારદાર નહીં રહે તે નક્કી.

# નેશનલ સ્કેટીંગ સ્પર્ધામાં વ્રિન્દા પટેલ અને વૃદિત પટેલ ઝળક્યા

### વ્રિન્દા પટેલે ચાર નેશનલ મેડલ તથા વૃદિત પટેલે બે ગોલ્ડ મેડલ સાથે ચેમ્પીયન ટ્રોફી મેળવી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની સ્વામીનારાયણ પબ્લિક સ્કૂલ સેકટર-૨૩ના ધોરણ-૭માં અભ્યાસ કરતા વ્રિન્દા પટેલ અને વૃદિત પટેલે તાજેતરમાં દિલ્હી અને બોમ્બે ખાતે યોજાયેલી નેશનલ સ્કેટીંગ સ્પર્ધામાં બે ગોલ્ડ, બે બ્રોન્ઝ મેડલ મેળવી ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

દિલ્હી તથા બોમ્બે ખાતે યોજાયેલ નેશનલ સ્કેટીંગ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની શ્રી સ્વામિનારાયણ પબ્લિક સ્કુલ સે-૨૩ના ધોરણ-૭માં અભ્યાસ કરતા વ્રિન્દા પટેલ તથા વૃદિત પટેલે ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળા તથા ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

દિલ્હી ખાતે તા. ૨ થી ૮ જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રાષ્ટ્રકક્ષાની ૫૮મી નેશનલ સ્કુલ ગેમ્સ૧૨-૧૩ સ્પીડ સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અંડર-૧૪ વર્ષના ગ્રુપમાં વ્રિન્દા પટેલે રીંક-૧ (૩૦૦ મી.)



રેસમાં તથા રીંક-૨ (૧૦૦૦ મી.)ની રેસમાં બે બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. તથા વૃદિત પટેલે રીંક-૨ (૧૦૦૦ મી.) તથા રોડ રેસ (૨૦૦ મી.)ની રેસમાં બે ગોલ્ડ અને ચેમ્પીયન ટ્રોફી મેળવી છે.

બોમ્બે ખાતે તા. ૨૧ થી ૨૫ જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન રોલ સ્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રાષ્ટ્રકક્ષાની ૫૦મી ગોલ્ડન જયુબ્લી નેશનલ સ્પીડ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૨-૧૩ની સ્પીડ સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વ્રિન્દા પટેલે ૧૨ થી ૧૪ વર્ષના ગૃપમાં રીંક-૨ એ (૧૦૦૦ મી.) ની રેસમાં બ્રોન્ઝ તથા રોડ રેસ-૧ (૨૦૦૦ મી.)ની રેસમાં સિલ્વર મેડલ મેળવ્યા હતા.

વ્રિન્દા પટેલે કુલ ચાર નેશનલ મેડલ એક સિલ્વર તથા ત્રણ બ્રોન્ઝ મેડલ તથા વૃદિત પટેલે બે ગોલ્ડ મેડલ સાથે ચેમ્પીયન ટ્રોફી મેળવી સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત રાજયના ગાંધીનગર જિલ્લા તથા શાળાનું ગૌરવ વધાર્યું છે. બંને છેલ્લા પાંચ વર્ષથી સ્કેટીંગ કરે છે અને છેલ્લા ત્રણ વર્ષથી રાજય કક્ષાએ ચેમ્પીયન બન્યા છે.

સરકારના રોજગાર વિભાગના સહયોગથી આયોજન

# યુનિ.ના રોજગાર માહિતી ખાતે રોજગાર નોંધણી થશે

### નામની નોંધણી થયા બાદ તમામ ઉમેદવારોના નામ અને બાયોડેટાને રોજગાર કચેરી ગાંધીનગરને મોકલી અપાશે

અમદાવાદ, તા.૯

ગુજરાત સરકારના કામ અને રોજગાર વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓની રોજગાર નોંધણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નામ નોંધાવવા માનતા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના રોજગાર માહીતી અને માર્ગદર્શન કેન્દ્ર ખાતે પોતાનું નામ નોંધાવી શકશે. ત્યારબાદ યુનિવર્સિટી માહીતી કેન્દ્ર તમામ ઉમેદવારોના નામ અને બાયોડેટા રોજગાર કચેરી ગાંધીનગરને મોકલી આપશે.

આ રોજગારી નોંધણી માટે વિદ્યાર્થી ગ્રેજ્યુએટ હોવો આવશ્યક છે. આ કેન્દ્ર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારો પોતેજ ગ્રેજ્યુએટ સ્તરે મેળવેલ માર્કશીટની નકલ અને ડીગ્રી સર્ટીની નકલ આપવાની રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીએ જો કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો પોતાનું અનુભવ સર્ટી પણ રજુ કરી શકશે. જેમાં નોકરીનું સ્થળ, હોદ્દો, સમયગાળો અને મેળવેલ અનુભવ વગેરેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે દર વર્ષે કલેક્ટર કચેરી ખાતેની રોજગાર કચેરી ખાતે રોજગાર માટેની નોંધણી કરવામાં આવશે. પરંતુ વર્તમાન વર્ષમાં વિદ્યાર્થીઓને કલેક્ટર કચેરીએ ધક્કા ન ખાવા પડે તે માટે યુનિવર્સિટી કેમ્પસમાં રોજગાર વિભાગની મદદથી નામ નોંધણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# નવલકથા એ હવામાં લહેરાતો પાલવ છે

### સંસ્કૃતિ અને સાહિત્ય અકાદમી દ્વારા પી. કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ ખાતે નવલકથાઓનું ગુજરાતી સાહિત્યમાં સ્થાન વિશે સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૯

અખબારો અને સામયિકોમાં છપાતી ધારાવાહિત નવલકથા વાંચવા વાળો એક વિશાળ વર્ગ છે. કેટલાક વાંચકો તો આગામી હપ્તો ક્યારે છપાય તેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. ગુજરાતી સાહિત્યમાં નવલકથાઓનું સ્થાન શું છે તે વિશે તાજેતરમાં ચૌધરી આર્ટસ કોલેજ ખાતે યોજાયેલા સેમીનારમાં અખબારોમાં છપાતી ધારાવાહિક નવલકથાઓથી લઈને જાણીતા લેખકોની નવલકથાઓ વિશે ચર્ચા થઈ હતી.

'સંસ્કૃતિ સંસ્થા' ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'ધારાવાહીક નવલકથાઓનું ગુજરાતી સાહિત્યમાં સ્થાન' સેમીનાર શહેરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ તેમજ શહેરમાં વસતા સાહિત્યરસિકો જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મુખ્ય વક્તાઓમાંથી અખબારજગત સાથે જોડાયેલા મનીષભાઈ મહેતાએ નવલકથા શું છે. તેનું વર્ણન કર્યું હતું. નવલકથાકાર પોતાની કથામાં રસપ્રદ પાત્રો ઉમેરીને પોતાના વાંચકોને જકડી રાખે છે. એટલુ જ નહી અખબારોના વાંચકો નવલકથા







વાંચીને તંત્રીને ફોન કરીને પુછે કે આ પાત્રનું શું થવાનું છે. રસાળ નવલકથાથી વાચકવર્ગ વધે છે. નવલકથામાં વાર્તાતત્વ બદલાતુ નથી. વિષયવસ્તુ બદલાય છે. અર્વાચિન નવલકથાકારો સમાજને સ્પર્શતા વિષય પર લખવાનું વિશેષ પસંદ કરે છે. ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું કે ગાંધીનગરની ગળથુંથીમાં જ સાહિત્ય છે. સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ મહાત્મા ગાંધીના નામ પરથી ગાંધીનગર શહેર રચાયું છે. શહેરમાં સૌથી વધુ ૧૨૪ સાહિત્ય સર્જકો રહે છે. અવારનવાર સર્જકોના પુસ્તકોનું વિમોચન થાય છે. ગાંધીનગર શહેરની રચના પણ ક, ખ, ગ, ઘ દ્વારા રચાયેલ છે. શહેરની ઓળખ સાહિત્ય, શિક્ષણ, સંસ્કારથી વિદ્યાસભા બની ગઈ તેમ જણાવ્યું હતું. વક્તાઓમાં કોલમીસ્ટ જય વસાવડાએ જણાવ્યું કે નવલકથા એ ડ્રાય ક્લીટ કરેલું શર્ટ કે સાડી નથી પણ હવામાં લહેરાતો પાલવ છે. નવલકથામાં તબક્કાવાર સાહિત્ય ઉમેરી શકાય છે. રંગ, વિચારો, વ્યક્ત કરી અંતે તેને નવલકથાનું રૂપ આપી શકાય છે. અત્યારના જમાનામાં વાર્તા, કવિતા લખતા સર્જકો વધી ગયા છે. અને વાંચકોની સંખ્યા ઘટી ગઈ છે. ધીરજ અને રસવાળા વાંચકોની કાલની પરિસ્થિતિમાં જરૂર છે. અત્યારના અખબારોને નવી પેઢીના લેખકો મળ્યા છે. માત્ર ગુજરાતી અખબારોએ નવલકથાના વાંચકોને જકડી રાખ્યા છે. સંબંધોના સમીકરણ આધારીત નવલકથા હોય છે. નવલકથા સસ્પેન્સ થ્રીલર હોય છે. જેમાં અંતનું રહસ્ય છુપાયું હોય છે. આકાર, કિરણો, એંગલ, સવાલ, તરંગો, સુઝ, સમજ, કળશથી સર્જક વાચક બનીને નવલકથાને માણી શકે છે. નવલકથાકારને જેમ ઘરના સભ્ય મમ્મી, પપ્પા, ભાઈ, બહેન, ભાણેજની ચિંતા થાય તેમ નવલકથાની ચિંતા થવી જોઈએ.

આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકારો સર્વશ્રી કાજલબેન ઓઝા, કેસુભાઈ દેસાઈ, નરેશભાઈએ પણ પોતાનું વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોમાં જય વસાવડા, મનીષ મહેતા, કૃષ્ણકાન્ત જહા, સલીલ મહેતા, મનોજ શુકલ, ઊર્મિલાબેન,લીનાબેન, રમેશભાઈ પ્રમુખ મણીભાઈ ચૌધરી સહિત કોલેજની વિદ્યાર્થિનીઓ તેમજ કોલેજ પરિવાર હાજર રહ્યો હતો.

# સરકારી વિજ્ઞાન કોલેજનો સપ્તધારા વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૯

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભાની ઝાંખી કરાવતો વાર્ષિક સપ્તરંગી સપ્તધારા યોજાઈ ગયો. ૭૧ વિદ્યાર્થીઓએ જુદા જુદા પ્રાદેશિક નૃત્યો, ફિલ્મી નૃત્યો, નાટકો, લોકગીતો, ફિલ્મી ગીતો રજૂ કરેલ હતા. એક પાત્રિય અભિનય પણ રજૂ થયેલ હતો. સંચાલન ડૉ. વૈશાલીબેન પાઠકે કર્યું હતું. સાંસ્કૃતિક સમિતિના ચેરમેન ડૉ. કે.બી. પટેલ, આચાર્ય ડૉ. પી.એ. વાઢેરાયે માર્ગદર્શન આપ્યું હતું. ત્રણ બેસ્ટ મનોરંજકને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા. પી.એસ. પટેલ, આ.બી. પટેલ વગેરેએ સેવા આપી હતી. આભારવિધિ ડૉ. કે.બી. પટેલે કરી હતી. પ્રજાપતિ કૃણાલ અને અન્ય વિદ્યાર્થીઓને કાર્યક્રમ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## રસ્સાખેંચ સ્પર્ધામાં રાજયકક્ષાએ ચરાડાનો સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૯

રાજયકક્ષાની ખેલ મહાકુંભની રસ્સાખેંચ સ્પર્ધાની સેમી ફાઈનલ યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૬ ભાઈઓ તેમજ ૧૬ થી ૪૫ વર્ષની મહિલાઓ અને ૬૦ થી ઉપરની મહિલાઓનાં ચરાડા (ગાંધીનગર) નો સમગ્ર રાજયમાં ત્રીજો નંબર પ્રાપ્ત થયો હતો. રાજયમાં ગાંધીનગરને ગૌરવ અપાવનાર કિરણભાઈ ચૌધરી, રાહુલ ચૌધરી, જયમીન ચૌધરી એ તાલીમ આપી હતી. વિશાલભાઈ થોરાતે માર્ગદર્શન આપ્યું હતું. ગ્રામજનોએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ખેલ મહાકુંભની રમતોમાં ચરાડાનો સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૯

ખેલ મહાકુંભની રમતોનો જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજાયેલ હતી. જેમાં ચરાડા હાઈસ્કૂલનો ઉત્કૃષ્ટ દેખાવ હતો. વૉલીબૉલની ચારેય જૂથમાં પ્રથમ, રસ્સાખેંચમાં, ખો-ખો, હેન્ડબોલમાં કુસ્તીમાં જુડોમાં મોરખાનું સ્થાન પ્રાપ્ત કરીને જિલ્લામાં ગૌરવ વધાર્યું હતું.



માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ટ્રાફિક નિયમોની જાણકારીનો સેમિનાર યોજાયો હતો. ડી.વાઈ.એસ.પી. શ્રીમતી કોમલ, વ્યાસ, ટ્રાફિક પોલીસ ઈન્સ્પેકટર ગામીતે હાજરી રહીને નિયમોની જાણકારી આપી હતી. નાનકડી ફિલ્મ બતાવી, લાયસન્સ, ઝીબ્રા કૉસિંગ, હેલ્મેટ, સીટ બેલ્ટ વિષે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. આચાર્ય સિસ્ટર રેણુંકાએ સમગ્ર આયોજન કરેલ હતું.

# ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રતિભા સંપન્ન મહિલાઓને સન્માનશે

ગાંધીનગર, તા.૯

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રણ વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને ઉદગમ વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનીત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સતત ચોથા વર્ષે ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નારી શકિત કો સલામ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત પ્રતિભા સંપન્ન મહિલાઓને સન્માનિત કરવામાં આવશે.

નારી શકિત કો સલામ કાર્યક્રમ સમાજ સેવી મીનારબેન પટેલના અધ્યક્ષપણે શિક્ષાવિદ ધારિણીબેન શુકલ અને પૂ.અ. સચિવ મીનાબેન ભટ્ટ અતિથિ વિશેષના હસ્તે વિવિધ ક્ષેત્રની ૧૮ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ૨૦૧૩ના ચોથા ઉદગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ માટે સમાજસેવા, તબીબી, આર્થિક, આરોગ્ય, શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ, કોર્પોરેટ જેવા વિવિધ ક્ષેત્રમાં નોંધનીય કામગીરી કરનાર નારીઓને એવોર્ડથી સન્માનીત કરવાના હોઈ પ્રતિભા સંપન્ન મહિલાની માહિતી પ્લોટ નં. ૮૧૬, પોલિસ ચોકી સામે, સેકટર-૮, ગાંધીનગર ખાતે તા.૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ સુધી મંગાવવામાં આવી છે. આ અંગેની વધુ વિગતો મો.નં. ૯૯૧૩૮૮૭૪૫, ફોન નં. ૨૩૨૩૫૪૧૩ અથવા આશાબેન સરવૈયા મો.નં. ૯૮૨૫૩૩૩૬૭૫ અથવા વર્ષાબેન પારેખ મો.નં. ૯૭૨૭૪૨૯૨૯૪ પર સંપર્ક કરવાથી મળી શકશે.

# ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં જુદી જુદી રમતોના બેસ્ટ ખેલાડીઓને ખેલરત્ન એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૯

મોરબી-માળીયાના અગ્રણી અને સમાજ સેવક બ્રિજેશ મેરજાના સ્વર્ગસ્થ પુત્ર ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં તાજેતરમાં નાલંદા વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવમાં જુદી જુદી રમતોના બેસ્ટ ખેલાડીઓની ખેલ રત્ન એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

મોરબીની નાલંદા વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવ-૨૦૧૨-૧૩ પ્રસંગે બેડમિન્ટન, ફુટબોલ, હોકી, કબડ્ડી અને સેપક ટકરાવ જેવી વિવિધ રમતોના બેસ્ટ ખેલાડીઓને ડૉ. પ્રશાંત મેરજા ખેલ રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. પ્રતિ વર્ષ ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં એસ.એસ.સી.માં તાલુકા કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ આપવામાં આવતો હોય છે. તે જ રીતે વિદ્યાર્થીના જીવનમાં રમતોને પણ પ્રોત્સાહન મળે તે હેતુસર આવા ખેલરત્ન એવોર્ડ પણ



અપાતા હોય છે. અત્રે ઉલ્લેખનીય રહેશે કે ડૉ. પ્રશાંત તેમના સેકન્ડરીના અભ્યાસકાળ દરમ્યાન બેડમીન્ટનની રમતમાં અનેક વખત સ્ટેટ કક્ષાએ વિજેતા બનેલા તેમજ નેશનલ કક્ષાએ બેન્ડમિન્ટમાં કલકત્તા ખાતે તેઓ રનર અપ થયેલા. ડૉ. પ્રશાંતની ખેલકૂદની દિલચશ્પીને ઉજાગર રાખવા વિદ્યાર્થીઓને આવો એવોર્ડ આપી પ્રોત્સાહિત કરાતા હોય છે. તેના ભાગરૂપે બેડમિન્ટનમાં કણસાગરા મીનાલી, કબડ્ડીમાં નીરવ કાંજીયા, ફૂટબોલમાં બરાસરા તેજસ, હોકીમાં અજય ભોરણીયા અને સેપક ટકરાવમાં લીખીયા રાજને આવા ઉત્તમ ખેલ રત્ન એવોર્ડ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બી.એ. ગામી, આચાર્યશ્રી ચેતન દલસાણીયા અને પી.ટી.આઈ.એમ.વી. પરમાર અને જયંતીભાઈ વડાવીયાની ઉપસ્થિતિમાં અપાયા હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી અગ્રણીશ્રી બ્રિજેશ મેરજાએ વિદ્યાર્થીઓનએ પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતન ભાલોડીએ કર્યું હતું.





## ઈટાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઉપક્રમે રકતદાન શિબિર યોજાઈ

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઈટાદરા, સી.યુ. શાહ સાયન્સ કોલેજ અમદાવાદ એન.એસ.એસ. વિભાગ તથા પ્રથમ બ્લડ સેન્ટર અમદાવાદના સંયુકત આયોજનથી તથા રોટરી કલબ ઓફ અમદાવાદ મેટ્રોના સૌજન્ય દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઈટાદરા મુકામે રકતદાન કેમ્પ યોજાયો હતો. ઈટાદરા મુકામે રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં આજુબાજુના ગામમાંથી રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઈટાદરા અને સી.યુ. શાહ સાયન્સ કોલેજ અમદાવાદ એન.એસ.એસ. વિભાગ દ્વારા બાળ તંદુરસ્ત હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. શારીરિક વિકાસ, વજન, રસીકરણ વગેરેની માહિતી દ્વારા શ્રેષ્ઠ ત્રણ બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તથા અન્ય બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું.